# બી.એડ્. પ્રવેશના નિયમો...

1. અનામત જૂથોની પ્રવેશ અંગે ની ટકાવારીનું ધોરણ સરકારશ્રીના નિયમો મુજબ આ પ્રમાણે છે :

| અનામત જૂથ | અનામત પ્રવેશ અંગેની ટકાવારી | વિગત |
|---|---|---|
| SC | (7%) | |
| ST | (15%) | |
| SEBC | (27%) | |
| EWS | (10%) | (આર્થિક રીતે નબળા વર્ગો માટે) |
| PH / VH | (3%) | (વિકલાંગ ધારા મુજબ) |
| OUG | (7%) | |
| OU | (2%) | |
| EXS | (1%) | |
| KM | | (માત્ર એક બેઠક કાશ્મીર માઈગ્રન્ટ માટે) |

2. એન.સી.ટી.ઈ.ના નિયમોનુસાર સ્નાતક કક્ષાએ અથવા અનુસ્નાતક કક્ષાએ જરૂરી ૫૦% અને રીઝર્વ કેટેગરીના વિદ્યાર્થીઓ માટે ૪૫% ગુણ મેળવવા ફરજિયાત છે.
3. પ્રવેશ સંપૂર્ણપણે મેરીટના ધોરણે અપાશે, પરંતુ મહિલા કોલેજમાં પુરુષ ઉમેદવાર તેમજ પુરુષ કૉલેજમાં મહિલા ઉમેદવાર પ્રવેશ પાત્ર નથી.
4. સરકારી, અનુદાનિત અને સ્વનિર્ભર સંસ્થાઓ માટે ફીનું ધોરણ સરકારશ્રી અને સરકારશ્રી દ્વારા નિયુક્ત ફી નિર્ધારણ સમિતિ જે નક્કી કરે તેને આધિન રહેશે, જે પ્રવેશ પાત્રને બંધનકર્તા રહેશે.
5. મેરિટ લિસ્ટ માટે પ્રવેશ ગુણાંકની ગણતરી આ પ્રમાણે થશે.
   A. ટી.વાય./સેમ-૫ અને સેમ-૬/અન્ય કોર્સ માટે છેલ્લા 2 સેમેસ્ટરના યુનિવર્સિટી એ લીધેલા લેખિત પરીક્ષાના બાહ્ય માર્કસના આધારે મેરીટ બનશે.
   B. જો પ્રવેશ ગુણાંક સરખા હશે તો નીચે મુજબના ક્રમ પ્રમાણે ક્રમશઃ કાર્યવાહી કરીને અગ્રતા ક્રમ નક્કી કરવામાં આવશે.
      - ✓ FY,SY,TY/ સેમ-૧ થી સેમ-૬/ સેમ-૮ સુધીના ગુણને ધ્યાનમાં લેવામાં આવશે.
      - ✓ જે વિધાર્થીએ તાજેતરમાં પાસ કરેલ હશે તો અગ્રીમ સ્થાન અપાશે.
6. પ્રવેશ ગુણાંક, વિષયની પસંદગી, બેઠક ફાળવણી, કૉલેજ પસંદગી વગેરેનું અર્થઘટન કરવામાં બી.એડ્. મધ્યસ્થ પ્રવેશ સમિતિનો નિર્ણય આખરી ગણાશે.
7. પ્રવેશની સમગ્ર પ્રક્રિયા દરમ્યાન ઉમેદવાર તરફથી સમિતિના કોઈપણ સભ્યને ધાકધમકી કે દબાણ કરવામાં આવશેતો પ્રવેશ રદ કરવાનો અધિકાર પ્રવેશ સમિતિનો રહેશે.

8. મેનેજમેન્ટ ક્વોટામાં પ્રવેશ મેળવવા ઈચ્છનારે પણ Online ફોર્મ ભરવું ફરજિયાત છે.
9. પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ થયા બાદ પ્રવર્તમાન કોલેજો કરતાં કોલેજની સંખ્યા વધે કે પ્રવેશ અપાયા પછી પ્રવેશ રદ કરવામાં આવે કે અન્ય કોઈ રીતે જગ્યા ખાલી પડે તો રીશફલીંગ કરવામાં આવશે નહી.
10. કોઈપણ યુનિવર્સિટી દ્વારા સજા પામેલ ઉમેદવાર પ્રવેશપાત્ર ગણાશે નહીં, શરત ચૂકથી પ્રવેશ મેળવેલ/ અપાયેલ આવા વિદ્યાર્થીનો પ્રવેશ જાણ થતાની સાથે જ રદ થશે. ઉપરાંત વિદ્યાર્થી અથવા પ્રવેશ સમિતિની ભૂલને કારણે અપાયેલ પ્રવેશ ભુલની જાણ થતા જ પ્રવેશ રદ કરાશે. વિદ્યાર્થીને પ્રવેશ સમિતી દ્વારા આપેલ પ્રવેશમાં જો વિદ્યાર્થી સ્નાતક કક્ષા અથવા અનુસ્નાતક કક્ષાએ ૪૯.૫% અને રિઝર્વ કેરેગરીના વિદ્યાર્થીઓ માટે ૪૪.૫% ગુણથી ઓછા ગુણ હશે તો પ્રવેશ રદ ગણાશે.
11. વિદ્યાર્થી એ જે બી.એડ. કોલેજમાં પ્રવેશ લીધા પછી એનલીસ્ટમેન્ટ કરાવ્યું હશે તે જ કોલેજમાં તમામ ચાર સેમેસ્ટર પૂરા કરવાનાં રહેશે. અભ્યાસક્રમનાં વચ્ચેના સેમેસ્ટરથી અન્ય કોલેજમાં ટ્રાન્સફર થઈ શકશે નહી.